**1000 કરોડનું બજેટ છતાં તંત્રની બેદરકારી બાળકોનો ભોગ લઈ રહી છે!**

# એક નહીં અનેક સ્કૂલોમાં હાલ 'બેહાલ' છે!

## સગરામપુરાની શાળામાં ખટોદરાની જેમ જ ખુલ્લા જોખમી વીજવાયરો લટકે છે



સગરામપુરા સ્થિત સુરત મનપા સંચાલિત શિક્ષણ સમિતિની શાળા નં.38માં બહારથી જ સ્થિતિ ખરાબ હોવાનું નજરે પડે છે. ગળતી પાણી અને ગટરની લાઇનો, અંદર પણ ભેજથી જેમ તેમ ચોંટી રહેલા પ્લાસ્ટરના પોપડા ગમે ત્યારે ઉખડી પડે તેવી સ્થિતિ હતી. સૌથી મોટી ચોંકાવનારી વાત એ છે કે આ સ્કૂલની બહાર લોબીની ગ્રીલ પાસે જ કવર કર્યા વગરના કેબલ લટકે છે, તેમાં એક કેબલ તો ખટોદરાના સ્કૂલમાં વિદ્યાર્થીનો ભોગ લેનાર વાયરની જેમ લટકતો છે અને તેમાં પણ વાયરમાં સાંધો હોવાથી ટેપ પટ્ટી લગાવી કામ ચલાવી લેવાયું છે.

## ગોલવાડની સ્કૂલમાં તૂટેલી બારીઓ અને સ્લેબના લટકતા પોપડા જોખમી



કોટ વિસ્તારની વચોવચ ડીકેએમ હોસ્પિટલની પાછળ ગોલવાડમાં મનપાની શિક્ષણ સમિતિની સ્કૂલની હાલત પણ ખરાબ જોવા મળી સ્કૂલની આસપાસ ગંદકીના ઢગલા, બીજા માળના રૂમોની તૂટેલી બારીઓ એવી રીતે અટકી રહી છે કે ગમે ત્યારે તૂટી પડે અને સ્લેબ તેમજ પ્લાસ્ટરની હાલત પણ જર્જરિત જોવા મળી હતી. અહીં પણ ગમે ત્યારે દુર્ઘટના થવાનો ભય છે.

## ભાઠેના ઉર્દૂ શાળા ક્રમાંક-75ના દરવાજા પર જ ગટરનું ઢાંકણું મોતને આમંત્રણ આપે છે



ભાઠેના વિસ્તારની વાડીલાલ દરગાહ સ્થિત ઉર્દૂ શાળા ક્રમાંક-75માં તો દરવાજા પર જ બાળકો માટે જોખમ છે. આ શાળાના દરવાજા પર જ ગટરનું મોટું ઢાંકણ છે. થોડા જ વરસાદમાં અહીં પાણી ભરાતા હોવાથી વરસાદ વખતે જો ઢાંકણું તૂટી ગયું હોય તો રાંદેર ઝોનમાં જેમ બાળક ગટરના ઢાંકણામાં પડી જતાં મોત થયું હતું તેવી દુર્ઘટના અહીં પણ થઈ હોત. અહીં શાળાના અન્ય દરવાજાની આગળ જ કોઇ નધણિયાતી જણાતી બાઇકનો કાટમાળ પડ્યો છે. જે બાળકોને ઇજા કરી શકે છે તેમ સ્થાનિક કાર્યકર આકીબભાઇએ જણાવ્યું હતું.

**પી.ટી.ના** પીરિયડમાં કરંટથી માસૂમના મોત બાદ 'ગુજરાતમિત્ર'ની રિયાલિટી ચેકમાં અનેક શાળાઓની બિસમાર હાલત સામે આવી, સુરક્ષા, સુવિધા અને જાળવણી પર ગંભીર સવાલો

સુરતઃ મનપા સંચાલિત ખટોદરાની સુમન શાળામાં પી.ટી.ના પીરિયડ દરમિયાન ધાબા પર લઈ જવામાં આવેલા એક માસૂમ વિદ્યાર્થીનું વીજ કરંટ લાગવાથી થયેલું કરુણ મોત માત્ર એક દુર્ઘટના નથી, પરંતુ સુરત મહાનગરપાલિકાની સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની સલામતી સામે ઊભા થયેલા ગંભીર પ્રશ્નોનું જીવંત ઉદાહરણ બની ગયું છે. આ ઘટનાએ મનપા સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરતા બે લાખથી વધુ વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે વાલીઓમાં ભારે ચિંતા અને રોષ ફેલાવ્યો છે.

સુરત મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિને દર વર્ષે અંદાજે રૂ.1,000 કરોડનું બજેટ ફાળવવામાં આવે છે. તંત્રના દાવા મુજબ દરેક વિદ્યાર્થી પાછળ સરેરાશ રૂ.50,000 જેટલો ખર્ચ કરવામાં આવે છે. જેથી બાળકોને આધુનિક શિક્ષણ, શ્રેષ્ઠ સુવિધાઓ અને સુરક્ષિત શૈક્ષણિક વાતાવરણ મળી રહે. પરંતુ વાસ્તવિક સ્થિતિ તંત્રના દાવાઓથી એકદમ વિપરીત હોવાનું સામે આવી રહ્યું છે. શિક્ષણની ગુણવત્તા, શિક્ષકોની અછત, બિસ્માર ઈમારતો, તૂટી ગયેલા વર્ગખંડો, ગંદકી, જર્જરિત વીજ વ્યવસ્થા અને સલામતીના અભાવ જેવા મુદ્દાઓને લઈને મનપાની શાળાઓ સતત વિવાદોમાં રહી છે.

'ગુજરાતમિત્ર' દ્વારા શહેરની વિવિધ મનપા સંચાલિત શાળાઓમાં કરાયેલી રિયાલિટી ચેક દરમિયાન ચોંકાવનારી હકીકતો સામે આવી છે. અનેક શાળાઓમાં જર્જરિત માળખાં, ખુલ્લા ઇલેક્ટ્રિક પોઇન્ટ, તૂટેલી દિવાલો, બિનસુરક્ષિત ટેરેસ, ગંદા શૌચાલયો અને બાળકો માટે જોખમરૂપ બને તેવી અનેક ખામીઓ જોવા મળી છે. કેટલીક શાળાઓમાં તો મૂળભૂત સુવિધાઓનો પણ અભાવ હોવાનું સામે આવ્યું છે.

### મોટા ભાગની શાળામાં સ્ટ્રક્ચર સ્ટેબિલિટીનું સર્ટિ. નથી, ફાયર સેફ્ટીમાં પણ થીંગડાં દેખાયાં

**સુરત મનપાની શિક્ષણ સમિતિની શાળાઓમાં 200ની આસપાસ સ્કૂલ બિલ્ડિંગ છે, જેમાં વરાછા-કતારગામ અને અઠવા વિસ્તારમાં સ્કૂલ્સનું નવીનીકરણ ઝડપથી ચાલી રહ્યું છે તેવું લાગ્યું. પરંતુ કોટ વિસ્તાર, લિંબાયત અને ઉધનામાં ઘણી સ્કૂલ્સ હજુ જર્જરિત છે. આ સ્કૂલ્સના સ્ટ્રક્ચર સ્ટેબિલિટીનાં સર્ટિ. પણ નથી અને ખાસ કરીને જૂની સ્કૂલ્સમાં ફાયર સેફ્ટીની અમલવારીમાં પણ થીંગડાં માર્યા હોય તેવી હાલત છે. લિંબાયતની સ્કૂલ્સ જર્જરિત અને આસપાસ ગંદકીના ગંજ દેખાયા તો રાંદેર અને સેન્ટ્રલ ઝોનની ઘણી શાળોની ઇમારતો 100 વર્ષ જૂની હોવાથી જર્જરિત છે.**

### ઉમરવાડા શાળા ક્રમાંક-266માં તો લટકતી બારીઓ ગમે ત્યારે તૂટી પડે તેવી હાલત

**લિંબાયત ઝોનની ઉમરવાડા વિસ્તારમાં સંજયનગર ખાતે ચાલતી શાળા ક્રમાંક-266 બહારથી રંગરોગાન કરીને ચકાચક દેખાય છે. પરંતુ ઉપર નજર કરતા જ ખતરો તોળાતો નજરે પડે છે. અહીં પણ બીજા માળે બારીઓ જેમતેમ લટકતી હોય તેવી હાલત છે. અહીં 2000 બાળકો અભ્યાસ કરે છે. જો ક્યારેક આ બારી ઉપરથી તૂટી પડે તો બાળકો માટે જીવનું જોખમ ઊભું કરે તેવી સ્થિતિ છે.**

# ચાલકને પાણી લેવા મોકલી ઠગ મુસાફર રિક્ષા લઈ ફરાર

**સચિનથી** ભાઠેનાના વિસ્તારોમાં ફેરવતો રહ્યો, રૂ.500 ભાડું પણ આપ્યું

સુરતઃ ગોડાદરા વિસ્તારના એક રિક્ષાચાલકને ભાઠેના ખાતે પાન-ગુટખાના ગલ્લા પર પાણીની બોટલ લેવા મોકલી, પેસેન્જર તરીકે બેઠેલો અજાણ્યો શખ્સ રૂ.૧ લાખની ઓટોરિક્ષા પૂરપાટ ઝડપે હંકારી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે.

ગોડાદરાના આસપાસ ત્રણ રસ્તા પાસે આવેલી હરીદર્શન સોસાયટીમાં રહેતા અને ઓટોરિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા સતોષકુમાર સભાજીત પટેલ (ઉં.વ.૩૮) ગત તા. ૨૬ જુલાઈએ પોતાની બજાજ ઓટોરિક્ષા (નં. GJ 05 CX 3550) લઈને પેસેન્જરના ફેરા મારવા માટે નીકળ્યા હતા. સાંજના સવા સાતેક વાગ્યે સચિન જી.આઈ.ડી.સી. નાકા નજીકથી ૨૫થી ૩૦ વર્ષનો એક મુસાફર તેમની રિક્ષામાં બેઠો હતો. ત્યારબાદ તે મુસાફર રિક્ષાચાલકને ઉધના ભીમનગર ગરનાળા અને ઉધના દરવાજા જેવા અલગ અલગ સ્થળોએ ફેરવતો રહ્યો હતો.

રસ્તામાં તેણે રૂ.૫૦૦ ભાડું પણ આપ્યું હતું, ઉમિયા માતાના મંદિર પાસે ઊભી રખાવી હતી. ત્યાં તેને પાણી લેવા મોકલી ઓટોરિક્ષા પૂરપાટ ઝડપે ચલાવીને ફરાર થઈ ગયો હતો.

## સરથાણાના આધેડે આર્થિક સંકળામણમાં ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

સુરતઃ શહેરમાં આર્થિક સંકટને કારણે જીવન ટૂંકાવ્યાનો બનાવ સામે આવ્યો છે. સરથાણામાં રહેતા 56 વર્ષીય આધેડે સોસાયટીના પ્રવેશદ્વાર પાસે ઝેરી દવા પી લેતાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. મૂળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના વતની અને હાલ પ્રમુખ પાર્ક સોસાયટીમાં રહેતા પ્રવીણભાઈ બાબુભાઈ સાવજ સાયકલની દુકાનમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓને એક પુત્રી અને બે પુત્ર છે. ઝેરી દવા પી ઘરે પહોંચ્યા બાદ પરિવારને ઘટનાની જાણ થતાં તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

# પાણી ભરાતા પરિવાર હોસ્પિટલમાં રોકાયો ને તસ્કરો ઘર સાફ કરી ગયા

**સુરતમાં** કુદરતી આપત્તિ બની ચોરો માટે સોનેરી તક

સુરતઃ લિંબાયત વિસ્તારમાં આવેલા નવી કમરુનગર ટેનામેન્ટમાં પૂરના પાણી ભરાતાં અને પરિવારજનો હોસ્પિટલમાં રોકાયા હોવાની તક ઝડપી અજાણ્યા ચોરોએ બે બંધ મકાનોના તાળાં તોડી રૂ.૧.૨૮ લાખની મત્તાના સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ છે.

કમરુનગર ટેનામેન્ટમાં રહેતા અને કૂલર રિપેરિંગનો ધંધો કરતાં આરીફ શબ્બીર શાહની ૧૭ વર્ષીય દીકરી મિસ્બાના ગળાના ભાગે સોજો હોવાથી તેને ૨૦ જુલાઈના રોજ પરવટ પાટિયા સ્થિત હર્ષલ સર્જિકલ હોસ્પિટલમાં ઓપરેશન માટે દાખલ કરવામાં આવી હતી. કમરુનગરમાં ભારે પાણી ભરાઈ જતાં રસ્તા બંધ થઈ જવાથી તેઓ હોસ્પિટલમાં જ રોકાઈ ગયા હતા. તા. ૨૫ જુલાઈની સવારે આરીફભાઈના નાના ભાઈ શરીફે ફોન કરીને ઘરનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. આરીફભાઈએ ઘરે આવીને તપાસ કરતાં કબાટનું લોક તૂટેલું હતું અને અંદર રાખેલી રૂ.૮૪,૫૫૦ની કિંમતની ૨૧ ગ્રામ સોનાની બુટ્ટી તથા મંગળસૂત્ર તેમજ રોકડા રૂ.૩,૫૦૦ મળી કુલ રૂ.૮૮,૦૫૦ની મતા ગાયબ હતી. આ ચોરી અંગે બાજુની બિલ્ડિંગમાં રહેતા તેમના મામા રશીદ મહેબૂબ શાહને વાત કરતાં તેમણે પણ જણાવ્યું હતું કે, પૂરના પાણી ભરાવાના કારણે તેઓ પણ પોતાના ઘરને કડી મારી ઉપરના માળે ગયા હતા. સવારે નીચે આવીને જોતાં તેમના ઘરમાંથી પણ પિતાના વારસામાં મળેલા આશરે ૧૦૦થી ૧૫૦ ગ્રામ વજનના ચાંદીના દાગીના (પાયલ, કમરપટ્ટો, વીંટી, લક્કી વગેરે) જેની કિંમત રૂ.૪૦,૦૦૦ થાય છે, તે ચોરી થઈ ગયા હતા. તસ્કરો બંને મકાનમાંથી કુલ રૂ.૧,૨૮,૦૫૦ની મતા ચોરીને ફરાર થઈ ગયા હતા.

# કોંગ્રેસના છે એક જ કોર્પોરેટર અને પક્ષે તેને મનપામાં નેતા બનાવ્યા!

**નેતા** બનાવવા માટે એક કરતાં વધુ કોર્પોરેટર હોવા જોઈએ, પણ કોંગ્રેસે કરેલી નિમણુંકથી રાજકીય વર્તુળોમાં મજાક ઉડી

સુરત : ગત વખતે સુરત મનપાની ચૂંટણીમાં કોંગ્રેસને એકપણ બેઠક મળી નહોતી. આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસને નામપૂરતી એક બેઠક મળી છે પરંતુ આ એક જ કોર્પોરેટરને પક્ષના નેતા તરીકે નિમણુંક કરીને કોંગ્રેસ રાજકારણમાં હાસ્યાસ્પદ બની છે. જ્યારે કોર્પોરેટર જ એક છે ત્યારે તે નેતા કોના? તેવો વ્યંગ રાજકીય વર્તુળોમાં થઈ રહ્યો છે.

એક સમય હતો કે સુરત મહાપાલિકામાં કોંગ્રેસનું શાસન હતું. કાળક્રમે કોંગ્રેસનું શાસન પુરૂ થઈ ગયું અને 1995ની ચૂંટણીમાં કોંગ્રેસનો એકપણ કોર્પોરેટર ચૂંટાયો નહોતો. ત્યારબાદની ચૂંટણીઓમાં કોંગ્રેસના કોર્પોરેટરો ચુંટાયા ખરા પરંતુ ક્યારેય કોંગ્રેસની સત્તા સુરત મહાનગર પાલિકામાં આવી નહીં. છેલ્લે 2015માં કોંગ્રેસના 36 કોર્પોરેટર ચુંટાયા હતા પરંતુ 2021માં એવી સ્થિતિ થઈ કે કોંગ્રેસનો એકપણ કોર્પોરેટર ચુંટાયો નહીં. હાલમાં 2026માં ફરી સુરત મનપાની ચૂંટણીમાં કોંગ્રેસના એકમાત્ર કોર્પોરેટર તરીકે અરશદ જરીવાળા ચુંટાયા છે. સુરત મહાપાલિકામાં જો ઓછામાં ઓછી 5 ટકા બેઠકો હોય તો વિપક્ષી નેતાનું પદ જે તે વિપક્ષને મળે છે. પરંતુ કોંગ્રેસના રોકડા એક જ કોર્પોરેટર અને આપના માત્ર 4 જ કોર્પોરેટર ચુંટાયા હોવાથી આ વખતે મનપામાં વિપક્ષી નેતા કોઈને બનાવવામાં આવ્યા નથી.

હાલમાં આ સ્થિતિ છે ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા દ્વારા સુરત મહાપાલિકામાં કોંગ્રેસના એકમાત્ર કોર્પોરેટર અરશદ જરીવાળાની પક્ષનેતા તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ નિમણુંક કોંગ્રેસમાં ચાલતા જુથવાદમાં બીજા જુથને બતાવી દેવામાં આવી હોવાની ચર્ચા ચાલી હતી પરંતુ એક જ કોર્પોરેટર હોવા છતાં પણ તેને નેતા શા માટે બનાવવામાં આવ્યા તેની કોઈને સમજ પડી નહોતી. આ નિમણુંકની ભારે ઠેકડી ઉડાડવામાં આવી હતી.

# પીપલોદના રાત્રિ બજારમાં બાળકો પાસે કામ કરાવાઈ છે

**સાંજે** 4થી રાત્રે 2 વાગ્યા સુધી 10 કલાક કામ કરાવાતું હતું

સુરતઃ પીપલોદનાં રાત્રી બજારમાં બાળમજૂરીનું ચિત્ર સામે આવ્યું છે. જિલ્લા ટાસ્ક ફોર્સની અચાનક તપાસ દરમિયાન બે અલગ-અલગ હોટલોમાંથી ત્રણ સગીર બાળકો કામ કરતાં મળી આવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

તપાસ દરમિયાન 'હોટલ ઈડલી યાપા'માંથી બે અને 'હોટલ પંજાબી ચુલ્હા'માંથી એક બાળક કામ કરતું મળી આવ્યું હતું. પ્રાથમિક વિગતો મુજબ ત્રણેય બાળકોની ઉંમર અંદાજે ૧૬થી ૧૭ વર્ષ વચ્ચે છે. તેમાં એક બાળક મધ્યપ્રદેશનો જ્યારે બે બાળકો બિહારના હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા પાંચથી છ મહિનાથી તેઓ હોટલમાં કામ કરી રહ્યા હતા અને દરરોજ બપોરે ૪ વાગ્યાથી મોડી રાત્રે ૨ વાગ્યા સુધી, એટલે કે લગભગ ૧૦ કલાક કામ કરાવતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. બદલામાં તેમને માસિક રૂ.૭,૦૦૦થી રૂ.૧૦,૦૦૦ સુધીનું વેતન ચૂકવવામાં આવતું હતું. તપાસ સમયે બાળકોની ઉંમર સાબિત કરતા કોઈ અધિકૃત દસ્તાવેજો સ્થળ પરથી મળી આવ્યા ન હતા. જેના કારણે જિલ્લા ટાસ્ક ફોર્સે ત્રણેય બાળકોને બાળકલ્યાણ સમિતિ (CWC) સમક્ષ રજૂ કર્યા બાદ કતારગામ સ્થિત પોપાવાલા ચિલ્ડ્રન હોમમાં આશ્રય માટે મોકલી આપ્યા છે. બાળકોની ઉંમર સંબંધિત જરૂરી પુરાવા પ્રાપ્ત થયા બાદ સંબંધિત હોટલ સંચાલકો સામે બાળમજૂરી સંબંધિત કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

## મચ્છરજન્ય રોગચાળો અટકાવવા મનપાએ 6 દિવસમાં 15.79 લાખનો દંડ વસૂલ્યો

સુરતઃ ચોમાસાની ઋતુમાં ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયા રોગોનો ફેલાવો અટકાવવા માટે મનપાએ આક્રમક ઝુંબેશ શરૂ કરી છે. 20 જુલાઈથી 26 જુલાઈ દરમિયાન હાથ ધરાયેલા ઈન્ટ્રાડોમેસ્ટિક સરવેમાં મનપાની ટીમોએ શહેરના 5,91,086 ઘરોની તપાસ કરી હતી, જેમાં 8,817 સ્થળએથી મચ્છરોના બ્રીડિંગ મળી આવતા તેમનો નાશ કરવામાં આવ્યો હતો. સમગ્ર જુલાઈ માસ દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનારા અને મચ્છરોની ઉત્તપત્તિ રોકવામાં નિષ્ફળ રહેલા લોકોને 3,343 નોટિસ ફટકારવામાં આવી હતી અને કુલ રૂ.15,79,600 નો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. જેમાં સરવે કરાયેલી 1,161 બાંધકામ સાઈટો પૈકી 446ને નોટિસ આપી 419 જવાબદાર પાસેથી રૂ.12,93,400નો દંડ વસૂલાયો હતો.

# BHMSના વિદ્યાર્થીએ ઇન્સ્ટાગ્રામ પર યુવતીના ફોટો ફરતા કર્યા

**'ઓપરેશન** સુરક્ષિત સાયબર શક્તિ' અંતર્ગત અડાજણ પોલીસને મળી સફળતા

સુરત : સુરત શહેર ઈન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ જામીર, સેક્ટર-૨ એડિશનલ સીપી મહેન્દ્ર બગડિયા, ઝોન-૫ ડીસીપી લખધીરસિંહ ઝાલા અને 'કે' ડિવિઝન એસીપી મિલન મોદી દ્વારા શહેરમાં કાયદો-વ્યવસ્થા જાળવવા તેમજ સાયબર ક્રાઈમના ગુનાઓ તાત્કાલિક ઉકેલવા 'ઓપરેશન સુરક્ષિત સાયબર શક્તિ' અંતર્ગત ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે આધારે અડાજણ પોલીસ મથકના પીઆઈ એન.એ. ચાવડાના નેતૃત્વમાં સર્વેલન્સ ટીમે ટેક્નિકલ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરી હતી. અડાજણ વિસ્તારમાં રહેતી એક યુવતીએ ફરિયાદ નોંધાવી હતી કે, એક શખ્સ તેનો અવારનવાર પીછો કરીને માનસિક ત્રાસ આપી રહ્યો છે અને સમાજમાં તેની છબી ખરડાય તે ઉદ્દેશથી તેના ફોટા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વાયરલ કરી રહ્યો છે. આ મામલે અડાજણ પોલીસે ગત તા. ૨૮ જુલાઈ ૨૦૨૬ના રોજ આઈ.ટી. એક્ટની કલમ ૬૬(સી) મુજબ ગુનો રજીસ્ટર કર્યો હતો. ગુનો દાખલ થતાં જ અડાજણ પોલીસે સાયબર સેલ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે ગણતરીના કલાકોમાં આરોપીની ઓળખ કરી તેને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ શ્રેયસ કનકભાઈ ભંડેરી (ઉ.વ. ૨૨, રહે. સમજુબા પાર્ક સોસાયટી, પુણાગામ, સુરત) હોવાનું બહાર આવ્યું છે. આરોપી હાલમાં મેડિકલ કોલેજમાં BHMSના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતો હોવાનું ખુલ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી. ગોયંકા ઈન્ટરનેશનલ સ્કૂલમાં શ્લોક પઠન સ્પર્ધા યોજાઈ



સુરતઃ જી. ડી. ગોયંકા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત ખાતે તા. ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓ માટે આંતરવર્ગીય શ્લોક પઠન સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સાચી દેવી દાસી, શ્રી શ્રી ગૌર રાધા કૃષ્ણ મંદિર, વેસુના પ્રમુખ અને ટ્રસ્ટી તેમજ નવ યોગેન્દ્ર સ્વામી ગુરુ મહારાજના સમર્પિત શિષ્યા ઉપસ્થિત રહ્યાં. ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં ભાગ લીધો અને શ્લોકોનું આત્મવિશ્વાસ, સ્પષ્ટ ઉચ્ચારણ, ભાવસભર અભિવ્યક્તિ અને ભક્તિભાવ સાથે પઠન કરીને પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું. અંતિમ ચરણમાં પસંદ થયેલા વિદ્યાર્થીઓના વાલીઓને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેના કારણે આ પ્રસંગ વિદ્યાર્થીઓ માટે વધુ પ્રેરણાદાયી અને યાદગાર બન્યો. આયોજન શાળાના મુખ્ય માર્ગદર્શક મનહરભાઈ કાકડિયા, શૈક્ષણિક નિયામક તથા પ્રાચાર્યા ડો. શ્રુતિ અગ્રવાલ, સહાયક શૈક્ષણિક નિયામક તથા પ્રાથમિક વિભાગના ડીન ડો. શિલ્પા સૂર્યા, તેમજ પ્રાથમિક વિભાગના એસોસિયેટ ડીન અને સેક્શન ઇવેન્ટ સિંગલ હેડ સાનિયા શેખના કુશળ માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું.

### મોટા મંદિરમાં ગુરુ માહાત્મ્ય રસપાન કાર્યક્રમ સંપન્ન થયો



સુરતઃ ગુરુ પૂર્ણિમા (વ્યાસ પૂર્ણિમા) નિમિત્તે ભાગળ સ્થિત મોટા મંદિરના ગાદી પતિ ષષ્ઠ પીઠાધીશ્વર ગોસ્વામી વલ્લભરાયજી મહારાજના સાનિધ્યમાં 'ગુરુ માહાત્મ્ય રસપાન' કાર્યક્રમ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ગોસ્વામીએ ગુરુના મહિમા, ભારતીય સંસ્કૃતિમાં ગુરુના સ્થાન અને આધ્યાત્મિક જીવનમાં ગુરુના માર્ગદર્શનના મહત્વ અંગે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત વૈષ્ણવજનોએ ગુરુના ગુણગાન સાથે વ્યાસ પૂર્ણિમાની ભાવભીની ઉજવણી કરી હતી. કાર્યક્રમમાં અંદાજે 500થી 600 જેટલા વૈષ્ણવ ભક્તોએ સપરિવાર હાજરી આપી ગુરુવંદના અને સત્સંગનો લાભ લીધો હતો.

### શ્રીમતી આઈ. વી. પટેલ ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે ડ્રાયફ્રુટનું વિતરણ



સુરતઃ શ્રીમતી આઈ. વી. પટેલ ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન, લર્નિંગ એન્ડ રિસર્ચ, ટ્રસ્ટ સુરત દ્વારા સુમુલ ડેરી રોડ ખાતે આવેલી ધી બ્રાઇટલેન્ડ ઈંગ્લિશ સ્કૂલ ખાતે અલુણાના પાવન દિવસે ૩૦ દિકરીઓને વિનામૂલ્યે ડ્રાયફ્રુટની કિટનું ટ્રસ્ટના ચેરમેન સનીલ પટેલના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

### પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળામાં ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળા, પૂર્વ પ્રાથમિક વિભાગ, અંગ્રેજી માધ્યમમાં ગુરુ પૂર્ણિમા કાર્યક્રમ યોજાયો હતો. બાળકોને એકલવ્ય અને ગુરુ વાર્તા નાટયાત્મક રીતે રજૂ કરવામાં આવી હતી. બાળકોની માતાને બોલાવી પૂજા કરીને સમજ આપી હતી કે પ્રથમ ગુરુ માતા હોય છે. ચેરમેન ક્રિપ્લાણી દેસાઈ, વાઇસ ચેરમેન પ્રવીણ વોરા, સેક્રેટરી મનહર દેસાઈએ આશીર્વાદ મોકલ્યા હતા. આચાર્યા જ્યોતિકા રામનાનીએ તમામને આશીર્વચન આપ્યા હતા.

### 'ગુગલગુરુ' નહીં, શ્રધ્ધા, સમર્પણ અને ભક્તિથી ગુરુ મળે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ગુરુપૂર્ણિમા પર્વનું માહાત્મ્ય સમજાવતા કહ્યું હતું કે, બીજના ચાંદને પૂર્ણિમાના ચાંદ બનાવવાનું શક્તિ અને સામર્થ્ય સદગુરૂનું છે. આજે ભલે આપણી પાસે સાક્ષાત પરમગુરુ (પરમાત્મા) વિદ્યમાન નથી પણ સદગુરૂ વિદ્યમાન છે તે આપણું પરમ સદ્ભાગ્ય છે. અજ્ઞાનના અંધકારને દૂર કરી અધ્યાત્મના પ્રકાશ તરફ લઇ જવાનું કાર્ય સદગુરૂનું છે. સામ્પ્રત સમયમાં ભલભલાના મનરૂપી મોબાઇલની બેટરી ડાઉન થઇ ગઇ છે ત્યારે મનરૂપી મોબાઇલની બેટરીનું ચાર્જીંગ સ્ટેશન સદગુરૂ છે. ગુરુ તો ઘણાં મળી જશે પણ સદગુરૂ મળવા દુષ્કર છે. જેઓ નિજાનંદી છે તે સદગુરૂ છે. જેને કોઇ પ્રોજેક્ટ નથી અને જેઓ સમાજની વિકૃતિરૂપી ગંદકીઓને સાફ કરવાનું કામ કરે છે તે સદગુરૂ કહેવાય.

### લગ્નજીવનમાં વફાદારીનો ભંગ, વળતરની સુરતના વકીલની રજૂઆતને પગલે સરકારમાં હલચલ

સુરતઃ લગ્નજીવનમાં વફાદારીનો ભંગ કરનાર સામે પીડિત જીવનસાથીને કાયદાકીય રીતે આર્થિક વળતર અને હેલ્થ ઈન્સ્પોરન્સ કવરેજ મળવું જોઈએ. તેવી મહત્વની રજૂઆત સુરતના એડવોકેટ-નોટરી જય પી. આઈસ્ક્રીમવાલા દ્વારા ભારત સરકારના કાયદા મંત્રાલય સમક્ષ કરાઈ છે. કેન્દ્ર સરકારે આ બાબતને ગંભીરતાથી લઈ સત્તાવાર ઓફિસ મેમોરેન્ડમ જાહેર કર્યું છે. કાયદા મંત્રાલયના અંડર સેક્રેટરીએ આ રજૂઆતને આગળની કાનૂની પ્રક્રિયા અને સુધારાની વિચારણા માટે કાયદાકીય વિભાગની સંબધિત બ્રાન્ચને મોકલી આપી છે. આ પગલાથી ભવિષ્યામાં લગ્ન કાયદાઓમાં મોટા સુધારાની આશા જાગી છે.

### સદગુરુ સત્સંગ મંડળ દ્વારા ગુરુ પૂર્ણિમા મહોત્સવ યોજાયો

સુરતઃ સદગુરુ સત્સંગ મંડળ-સુરત દ્વારા આજે બુધવાર, તા. 29 જુલાઈના રોજ ગુરુ પૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય ભગવદીય સંત ભગવાન બાપુ મહારાજ 'ટાટ'ની આજ્ઞા અનુસાર તથા જયનાબેનના સાંનિધ્યમાં યોજાનારા આ મહોત્સવનો પ્રારંભ સવારે 9 વાગ્યે થયો હતો. કાર્યક્રમમાં પાદુકા પૂજન, ગુરુ મહિમાના સ્વાનુભવના પ્રસંગો, આરતી, બાપુ બાવની, ભજન-કિર્તન, ધૂન સહિત વિવિધ સત્સંગ કાર્યક્રમો યોજાયા હતા. અંતે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.